

ન વરાત્રી એટલે જગદંબાની ઉપાસનાનું પર્વ, જે સમગ્ર સૃષ્ટિનું રક્ષણ કરનારી આદિશક્તિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અવસર છે.

નવરાત્રીનો પવિત્ર તહેવાર આવે એટલે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની જાય છે. મંદિરોમાં માતાજીની આરાધના થાય છે, ઘરોમાં દીવડાઓ પ્રગટે છે અને ગરબાના તાલે ભક્તો શક્તિની ઉપાસના કરે છે પરંતુ નવરાત્રીના આ ઉત્સવમાં માતાજીના સ્વરૂપ પાછળ રહેલા આધ્યાત્મિક રહસ્યને સમજવું પણ એટલું જ જરૂરી છે. ‘દુર્ગા’ નામનો અર્થ, તેમની દિવ્ય શક્તિ અને સમગ્ર સૃષ્ટિના રક્ષણ સાથેનો તેમનો સંબંધ આપણને ગહન આધ્યાત્મિક વિચાર તરફ દોરી જાય છે.

દુર્ગા એટલે દુર્ગ સમાન રક્ષણ આપનારી શક્તિ

‘દુર્ગ’ શબ્દનો એક અર્થ કિલ્લો અથવા એવો સુરક્ષિત ગઢ થાય છે, જ્યાં શત્રુઓથી રક્ષણ મળે. સંસ્કૃતમાં ‘દુર્ગમ’નો અર્થ મુશ્કેલીથી પાર કરી શકાય એવું પણ થાય છે. આ અર્થના સંદર્ભમાં ‘દુર્ગા’ને એવી દિવ્ય શક્તિ તરીકે સમજી શકાય છે, જે ભક્તોને સંકટોમાંથી ઉગારે છે અને દુષ્ટ શક્તિઓ સામે રક્ષણ આપે છે. જેમ કિલ્લો પોતાના આશ્રિતોને બહારના આક્રમણથી બચાવે છે, તેમ જગદંબા પોતાના ભક્તોને આધ્યાત્મિક બળ, હિંમત અને આશ્રય આપે છે.

# દુર્ગા : સમગ્ર સૃષ્ટિની રક્ષા માટે નિયુક્ત દિવ્ય શક્તિ

ધર્મરંગ
વ્યોમા સેલર

દેવી દુર્ગા માત્ર એક ઉપાસ્ય સ્વરૂપ નથી પરંતુ ભારતીય ધાર્મિક પરંપરામાં તેઓ આદિશક્તિ, દૈવી ઊર્જા અને ધર્મના રક્ષણનું પ્રતીક છે. દેવીમાહાત્મ્યમાં વર્ણવ્યા અનુસાર, જ્યારે મહિષાસુર જેવાં આસુરી બળો દેવતાઓ અને ધર્મવ્યવસ્થાને પડકારવા લાગ્યાં ત્યારે દેવતાઓની દિવ્ય શક્તિઓના સંયુક્ત તેજમાંથી દેવી દુર્ગાનું પ્રાગટ્ય થયું. તેમણે મહિષાસુરનો સંહાર કરીને દૈવી વ્યવસ્થાની પુનઃસ્થાપના કરી. આ કથા આપણને સમજાવે છે કે જ્યારે અધર્મ અને અન્યાયનું બળ વધી જાય છે, ત્યારે દૈવી શક્તિ ધર્મના રક્ષણ માટે પ્રગટ થાય છે.

**સમગ્ર સૃષ્ટિના રક્ષણની દિવ્ય જવાબદારી**

સનાતન ધર્મમાં પરમાત્મા અને તેમની શક્તિ વચ્ચેનો સંબંધ અત્યંત ગહન છે. જગદંબાને જગતજનની, વિશ્વમાતા અને પ્રકૃતિની મૂળભૂત શક્તિ તરીકે પૂજવામાં આવે છે. તેઓ જીવનને પોષણ આપતી, સંકટોમાંથી ઉગારતી અને ધર્મના માર્ગે આગળ વધવાની પ્રેરણા આપતી શક્તિ છે.

આધ્યાત્મિક દૃષ્ટિએ એવું કહી શકાય કે સમગ્ર સૃષ્ટિની વ્યવસ્થામાં દૈવી શક્તિનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. માતાજીનું સ્વરૂપ આપણને યાદ અપાવે છે કે સૃષ્ટિનું રક્ષણ, દુષ્ટતાનો પ્રતિકાર અને સદ્‌ગુણોની સ્થાપના એ દૈવી વ્યવસ્થાનાં અભિન્ન અંગો છે. જો કે શાસ્ત્રોમાં ભગવાને માતાજીને સૃષ્ટિની રક્ષા માટે ઔપચારિક રીતે કોઈ એક જ જવાબદારી સોંપી હોવાનો ઉલ્લેખ છે એવું કહેવાને બદલે, દેવીને પરમ દૈવી શક્તિના સ્વરૂપ તરીકે સમજવું વધુ યોગ્ય છે.

**આંતરિક દુર્ગનું નિર્માણ કરવાનો અવસર**

માતાજીનું રક્ષણ માત્ર બાહ્ય સંકટોથી બચવાની કલ્પના પૂરતું સીમિત નથી. માનવીના અંતરમાં પણ કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર અને ઈર્ષ્યા જેવા અનેક શત્રુઓ વસે છે. આ વિકારો વ્યક્તિની શાંતિ, વિવેક અને આધ્યાત્મિક પ્રગતિને અવરોધે છે. માતાજીની ઉપાસના આપણને આ આંતરિક શત્રુઓ સામે લડવાની શક્તિ આપે છે.

> પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને આકાશ જેવાં પંચમહાભૂતોના આધારે જ સમગ્ર જીવન ટકેલું છે, પ્રકૃતિનાં આ તત્ત્વો માનવજાતને જીવન આપે છે અને તેનું પોષણ કરે છે

જેમ કિલ્લાની મજબૂત દીવાલો રક્ષણ આપે છે, તેમ સદાચાર, સંયમ, સત્ય, કરુણા અને ભક્તિથી ઘડાયેલું જીવન આપણને નકારાત્મક પ્રવૃત્તિઓથી બચાવે છે. નવરાત્રીના નવ દિવસ દરમિયાન માતાજીનાં વિવિધ સ્વરૂપોની આરાધના કરતાં આપણે પોતાના જીવનમાં પણ આવા ગુણો વિકસાવવાનો સંકલ્પ લેવો જોઈએ.

અંતે, નવરાત્રીનો સાચો સંદેશ એ છે કે દૈવી શક્તિ પ્રત્યે શ્રદ્ધા રાખવાની સાથે ધર્મ, સત્ય અને માનવતાનું રક્ષણ કરવાની જવાબદારી આપણે પણ નિભાવીએ. માતાજીની કૃપા આપણને ભય સામે હિંમત, અંધકાર સામે પ્રકાશ અને અધર્મ સામે ધર્મના માર્ગે અડગ રહેવાની પ્રેરણા આપે.

પ્રકૃતિનું રક્ષણ પણ માતાજીની સાચી આરાધના

જગદંબાને સમગ્ર જગતની માતા માનવામાં આવે છે. પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને આકાશ જેવાં પંચમહાભૂતોના આધારે જ સમગ્ર જીવન ટકેલું છે. પ્રકૃતિનાં આ તત્ત્વો માનવજાતને જીવન આપે છે અને તેનું પોષણ કરે છે. તેથી પ્રકૃતિનું જતન કરવું એ પણ માતૃશક્તિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો એક માર્ગ છે. જો સમગ્ર જીવસૃષ્ટિ પ્રત્યે જવાબદારી નિભાવવા માટે પણ પ્રેરિત કરે છે. આમ, દુર્ગા એટલે રક્ષણ, શક્તિ એટલે સદ્‌કાર્ય કરવાની ક્ષમતા અને ભક્તિ એટલે એ શક્તિનો સદુપયોગ. જ્યારે માનવી પોતાના જીવનમાં આ ત્રણેય ગુણો ઉતારે છે, ત્યારે તે માતાજીની ઉપાસનાને સાચા અર્થમાં સાર્થક બનાવે છે. નવરાત્રી આપણને આ જ દિવ્ય સંદેશ આપે છે કે જગતની રક્ષા માટેની ભાવના માત્ર પ્રાર્થનામાં નહીં પરંતુ આપણા રોજિંદા આચરણમાં પણ પ્રગટ થવી જોઈએ.

સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# ૧૦૦ વર્ષના અંતરાલ પછી ખગોળીય સંયોગ વચ્ચે આવ્યો છે નવરાત્રિ મહોત્સવ

સંસ્કૃતિ દર્શન
સનત દવે

અ ષાઢ માસથી પ્રારંભાયેલી સનાતનીઓના ધાર્મિક તહેવારોની શ્રૃંખલાના ઉત્તરાર્ધમાં આસો માસના નવરાત્રિ, દશેરા, શરદપૂનમ, ચંદની પડવો અને દીપાવલીના તહેવારો સાથે વિક્રમ સંવત હર્ષોલ્લાસ સાથે વિદાય લેશે. નવરાત્રિના ગઈકાલથી પ્રારંભ સાથે આજે બીજો દિવસ છે. શક્તિની ભક્તિના પર્વ તરીકે ઉજવાતો નવરાત્રિ મહોત્સવ શક્તિના ઉપાસકો સહિત નાના-મોટા સૌ કોઈને માટે ગમતીલું પર્વ છે. નવ દિવસ ઉજવાતાં આ પર્વનો આનંદ સૌ કોઈ માટે એટલા માટે અધિક હશે કે આ વખતે નવરાત્રિ પર્વ નવ દિવસના બદલે દસ દિવસનું હશે અને અગિયારમે દિવસે દશેરાની ઉજવણી થશે. પંચાંગ અનુસાર આ વખતે સાતમની વૃદ્ધિતિથિ છે એટલે કે સાતમની તિથિ બે દિવસ હશે તેથી એક દિવસ વધુ મળવાથી નવરાત્રિ ૧૦ દિવસ ઉજવાશે.




આ વખતની નવરાત્રિની ખાસ બાબત એ છે કે લગભગ ૧૦૦ વર્ષના લાંબા અંતરાલ બાદ નવરાત્રિના સમયગાળામાં દુર્લભ એવો ખગોળીય સંયોગ રચાઈ રહ્યો છે. નવરાત્રિ દરમ્યાન ગુરુ અને ચંદ્રના સંયોગથી ગજકેસરી રાજયોગનું નિર્માણ થયું છે અને એનો વિશેષ લાભ મેષ, વૃષભ, કર્ક, સિંહ, તુલા, મકર અને કુંભ રાશિના જાતકોને જરૂર થશે. ગજકેસરી રાજયોગ દ્વારા થનાર લાભને પ્રાપ્ત કરવા માટે જ્યોતિષશાસ્ત્રમાં દર્શાવેલ સાતેય રાશિના જાતકોને વિવિધ પ્રકારે શક્તિપૂજા કરવાનાં સૂચનો પણ દર્શાવાયાં છે. ગજકેસરી રાજયોગ ત્યારે રચાય છે જ્યારે ગુરુ અને ચંદ્ર એકબીજાથી કેન્દ્રસ્થાનોમાં સ્થિત હોય (૧લા, ૪થા, ૭મા કે ૧૦મા ભાવમાં હોય) અથવા જન્મકુંડળી કે ગ્રહગોચર દરમિયાન તેમની યુતિ (સાથે આવે) થાય. આ યોગનું નિર્માણ કેટલાક રાશિના જાતકો માટે કારકિર્દી, સ્વાસ્થ્ય, દામ્પત્ય જીવન, ધનસુખ, પારિવારિક જેવી બાબતોમાં સકારાત્મક પરિવર્તનો લાવનાર હોય છે.

જગત જનની માતા દુર્ગા, અંબાની કૃપા મેળવવા માઈભક્તો ઘરમંદિરમાં ગરબાનું વિધિવત સ્થાપન કરી સવારસાંજ આરતી, ધૂન અને માતાજીના ગરબાનું ગાન કરે છે. જે લોકો નવ દિવસ પૂજા, ઉપાસના, હોમ-હવન કે ઈત્યાદિ કોઈ વિઘ્ન કે કારણોવશાત ના કરી શકતા હોય તો બે હાથ જોડી માફી માંગી લેવાથી કરુણામૂર્તિ માતા અંબાની કૃપા બની રહે છે. જરૂર છે માત્ર શ્રદ્ધા, ભાવના અને ખરા દિલની યાચનાની... હજુ નવરાત્રિ ચાલુ જ થઈ છે તો જો તમે ચૂકી ગયા હોય તો એક બે કામ જરૂર કરજો. ઘરમાં સ્વચ્છતા રાખજો, ફાટેલ-તૂટેલ ફોટાઓ કે ખંડિત મૂર્તિઓ તુરંત વહેતા પાણીમાં પધરાવી દેજો. ફાટેલ-તૂટેલ શૂઝ-ચપ્પલ કે તૂટેલા કાચના કોઈ વાસણ કે એવી કોઈ કાચની વસ્તુનો સત્વરે નિકાલ કરી દેજો, ઘરમાં ઘડિયાળ બંધ પડેલી હોય તો ચાલુ કરી દેજો અથવા તો દીવાલ પરથી ઉતારી લેજો. આવી નાની નાની બાબતો વાસ્તુદોષનું કારણ બનતી હોય છે. સનાતનીઓએ આવી બાબતોને સંદેહ રાખ્યા વગર માનવી જોઈએ કારણ કે આપણે ગમે એટલા શ્રદ્ધાભાવથી પૂજા-આરાધના, ઉપાસના કરતાં હોઈએ તો પણ વાસ્તુદોષ જેવા અવરોધ વચ્ચે આપણી ભક્તિની ફલશ્રુતિ નથી પામી શકતા.

> નવરાત્રિ દરમ્યાન ગુરુ અને ચંદ્રના સંયોગથી ગજકેસરી રાજયોગનું નિર્માણ થયું છે અને એનો વિશેષ લાભ મેષ, વૃષભ, કર્ક, સિંહ, તુલા, મકર અને કુંભ રાશિના જાતકોને જરૂર થશે

શક્તિની ભક્તિના પર્વની ઉજવણીના છેલ્લા કેટલાક દશકાઓથી સ્વરૂપ બદલાઈ ગયાં છે. પારંપરિક ગરબાઓ, પારંપરિક વાજિંત્રો અને ભક્તિમય વાતાવરણ બહુ ઓછી જગ્યાએ જોવા મળે છે. અંબાજી, પાવાગઢ, ચોટીલા, કચ્છના માતાનો મઢ (આશાપુરા), તેમ જ જાણીતા શક્તિપીઠો ઉપરાંત માતાજીનાં પૌરાણિક મંદિરો છે ત્યાં હજુ પારંપરિક ગરબાનું સાતત્ય જળવાઈ રહ્યું છે. નાનાં-મોટાં શહેરોમાં નવરાત્રિ મહોત્સવના નામે વ્યાવસાયિક આયોજનો આજે સામાન્ય બની ગયા છે અને એ કડવી વાસ્તવિકતા સમાજે સ્વીકારી પણ લીધી છે. ખાસ કરીને યુવાન યુવક-યુવતીઓ અને યુગલો આવા આયોજનોના પોષક હોય છે. જો કે ગરબા એ ગુજરાતીઓની ઓળખ છે. આપણો કોઈ પણ પ્રસંગ હોય પણ તે રાસ-ગરબા વગર અધૂરો ગણાય છે અને હવે તો ગરબો ગ્લોબલ બન્યો છે. ૨૦૨૩માં યુનેસ્કો દ્વારા ગુજરાતના ગરબાને અમૂર્ત સાંસ્કૃતિક વારસા તરીકેનું વૈશ્વિક સન્માન પ્રાપ્ત થયું છે. વિદેશોમાં પણ કરોડોના ખર્ચે નવરાત્રિ દરમિયાન ગરબાના આયોજન થવા લાગ્યા છે. ગરબો ભલે ગુજરાતીઓની ઓળખ બન્યો પણ હવે ગુજરાતની બહાર મહારાષ્ટ્ર, રાજસ્થાન, દિલ્હી, યુ.પી., બિહાર, હરિયાણા અને ઉત્તરી રાજ્યો સુધી વિસ્તર્યો છે. ગુજરાતમાં રાજકોટ, જામનગર, ભાવનગર, અમદાવાદ, બરોડા અને સુરત ગરબાના મોટા આયોજનો માટે વિખ્યાત બન્યાં છે. પ્રસિદ્ધ ગાયકો, જાણીતા બોલિવૂડના સ્ટાર્સ સાથે થતાં આયોજનોમાં ગરબા રમવા માટે છેલ્લે તો પાસ પણ નથી મળતાં. વિશાળ કક્ષાના આયોજનો હોય એટલે ગરબાની પવિત્રતા ના જળવાય એવું પણ બને અને એટલું જ સાચું છે કે છેલ્લાં કેટલાંક વર્ષોથી વિશ્વ હિન્દુ પરિષદના લોકો હિન્દુ ધર્મ સાથે જોડાયેલા ગરબા મહોત્સવમાં માત્ર હિન્દુ સનાતનીઓને જ પ્રવેશ આપવાનો કડક અને તીખો આગ્રહ રાખી રહ્યા છે. આ વર્ષે પણ ખુલ્લી ચેતવણી આપી છે કે ગરબા આયોજનોમાં મહોત્સવના જ્યાં પણ આયોજન હોય ત્યાં પ્રવેશનારે કપાળે તિલક અવશ્ય કરવું. એ પછી ખેલૈયા હોય, સાજીંદા હોય કે પછી સીંગર હોય... માત્ર સનાતનીઓને પ્રવેશ આપવા જેવો આગ્રહ રાખતાં હિન્દુ સંગઠનો અને આયોજકો વચ્ચે ઝઘડા ના થાય તે માટે રાજ્ય સરકારની જવાબદારી વધી ગઈ છે.

ગુજરાતમાં નવરાત્રિમાં રાસ-ગરબાનું જે મહત્ત્વ છે એવું જ પશ્ચિમ બંગાળમાં દુર્ગાપૂજાનું મહત્ત્વ છે. ગણેશોત્સવ દરમ્યાન પંડાલોને સુશોભિત અને ભવ્ય બનાવ્યા છે તે રીતે દુર્ગામાતાના ભવ્ય પંડાલો બનાવવાની ત્યાં પરંપરા છે. ગણપતિની પ્રતિમાનું દસ દિવસ બાદ વિસર્જન કરાય છે એ જ પ્રણાલી મુજબ નવરાત્રિ બાદ પંડાલોમાં સ્થાપિત દુર્ગામાતાની પ્રતિમાઓનું ધામધૂમથી સમુદ્ર કે સરિતાઓમાં વિસર્જન કરાય છે. માત્ર કોલકતામાં જ ૩૫૦૦થી વધુ પંડાલોનું આયોજન હોય છે તો આખા પશ્ચિમ બંગાળમાં ૩૫,૦૦૦થી વધુ દુર્ગામાતાના નાના-મોટા પંડાલો બનાવાય છે. કલા-સંસ્કૃતિના સમન્વય જેવા ભવ્ય પંડાલો જોવા અને દર્શન માટે નવરાત્રિ દરમિયાન લાખોની ભીડ જોવા મળે છે. આ વખતે તો હવે બંગાળમાં સનાતની હિતેચ્છુ સરકાર આવી છે. તેથી પંડાલોની ભવ્યતામાં ઓર નિખાર આવ્યો છે. કોલકતામાં જુદી-જુદી થીમ ઉપર પંડાલોના નિર્માણ થતાં હોય છે. બંગાળની વર્તમાન સરકારે દુર્ગાપૂજા મહોત્સવ માટે દોઢસો કરોડ ફાળવ્યા છે અને પંડાલોના આયોજકોને એક-એક લાખની સહાય પણ અપાઈ છે. આર્થિક સહાય સાથે સરકારની અન્ય સગવડો અને સુરક્ષાની જવાબદારી પણ વધી છે. દુર્ગાપૂજા માટેના પંડાલો માટેની જગ્યા અને વીજળી સરકારે તદ્દન ફ્રીમાં આપી છે. તો નવરાત્રિ દરમિયાન બંગાળની જનતાને લોટ, ખાંડ અને સોજી અડધા ભાવે મળી રહે એવી સરકારી યોજના ચાલુ થઈ ગઈ છે. કોલકાતાની પાર્ક સ્ટ્રીટ તરીકે જાણીતો વિસ્તાર છે ત્યાં ક્રિસમસની અને નવા વર્ષની ઉજવણી ખૂબ ભવ્ય રીતે થાય છે પણ આ વર્ષે એટલે કે લગભગ ૩૭૦ વર્ષ પછી નાઈટલાઈફ માટે જાણીતાં આ પોશ વિસ્તારમાં તાંડવ થીમ પર દુર્ગામાતાનો ભવ્ય પંડાલ બન્યો છે. અગાઉ આ પાર્ક સ્ટ્રીટ વિસ્તારમાં ૯૫% હિન્દુ હોવા છતાં દુર્ગાપૂજા માટે પંડાલ બનાવવાની પરવાનગી નહોતી મળતી. કોલકાતાની સૌથી મોટી દુર્ગા પૂજા કમિટી શ્રીભૂમિ સ્પોર્ટિંગ ક્લબ અહીંના લેકટાઉનમાં પ્રતિ વર્ષ બુર્જ ખલીફા, વેટિકન સીટી, જયપુરનો હવામહેલ જેવી થીમ પર કરોડોના ખર્ચે ભવ્ય પંડાલ બનાવે છે અને પંડાલમાં બિરાજતા માં દુર્ગાને સોના-ચાંદીના ઘરેણાથી શણગારાય છે.

જો કે પશ્ચિમ બંગાળની દુર્ગા પૂજાની પરંપરા પશ્ચિમ બંગાળની બહાર વસેલા બંગાળીઓએ ફેલાવી છે. લખનૌ, કાનપુર, પ્રયાગરાજ, વારાણસી, ગોરખપુર, દિલ્હી સહિત અનેક શહેરોમાં નવરાત્રિ દરમ્યાન દુર્ગાપૂજાના ભવ્ય પંડાલોના નિર્માણ થાય છે. મધ્યપ્રદેશના ઈંદોરનો પંડાલ ખૂબ વિખ્યાતિ પામ્યો છે. પ્રતિ વર્ષ નવી થીમ સાથે નિર્માણ પામતો આ પંડાલ આ વખતે ૩૦ એકર જમીન પર ફેલાયેલો છે. ૩૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલ આ પંડાલ વિશ્વનો સૌથી મોંઘો, સૌથી મોટો અને ભવ્ય પંડાલ તરીકે વિખ્યાત થયો છે. અહીં ૧૧,૦૦૦ સુવર્ણ કળશ ભક્તોને વિશેષરૂપે વહેંચાશે. અહીં દૂર સુધી આવા પંડાલો જોવા આપણે ના જઈ શકીએ તો મુંબઈમાં સાંતાક્રુઝ અને અંધેરીમાં દુર્ગાપૂજાના ભવ્ય પંડાલો બને છે અને ખૂબ પ્રસિદ્ધિ પણ પામ્યા છે. પ્રતિ વર્ષ વિવિધ ક્ષેત્રની સેલિબ્રિટી અને બોલિવૂડના હીરો-હીરોઈન પણ અહીં દર્શને આવે છે.



# અમદાવાદથી ઊંટ પર સુરત પધારેલાં મા અંબા અને દાણિયાઓની એ ઐતિહાસિક ભૂલ!

સત્સંગ વિશેષ
વિમ્મી વિષ્ણુ ચેવલી

આ સો સુદ એકમની આ પાવન પરોઢે જ્યારે સુરતના માર્ગો ઘટસ્થાપન અને ગરબાના નાદથી ગુંજી ઉઠશે, ત્યારે સુરતના હૃદયસમા અંબાજી રોડનો ઈતિહાસ યાદ કરવો અનિવાર્ય બની જાય છે. આજે જે માર્ગ ચોવીસે કલાક ભક્તિ અને વેપારથી ધબકે છે, તે સદીઓ પહેલાં ‘સુલતાનપુરા’ અને ત્યારબાદ ‘ઘિયા ફળિયા’ તરીકે ઓળખાતો હતો. સુલતાનપુરાનું રૂપાંતરણ જગદંબાના પવિત્ર ધામ ‘અંબાજી રોડ’માં કેવી રીતે થયું, તેની પાછળ શ્રદ્ધા, સંઘર્ષ અને પરચાની એક રોમાંચક દાસ્તાન છુપાયેલી છે.

આ દિવ્ય ઈતિહાસનો આરંભ અમદાવાદમાં થયો હતો. અમદાવાદના એક બ્રાહ્મણ પરિવારના વડા પ્રેમજી ભટ્ટ મા આદ્યશક્તિના પરમ ઉપાસક હતા. તેમની અડગ ભક્તિથી પ્રસન્ન થઈને તલસી નામના એક વણજારાએ માતાજીની આજ્ઞા અનુસાર એક અતિ તેજોમય, અલૌકિક પ્રતિમા પ્રેમજી ભટ્ટને ભેટ આપી. પ્રેમજી ભટ્ટ અનન્ય ભાવથી માની સેવા-અર્ચના કરતા રહ્યા. એક રાત્રે સાક્ષાત્ મા અંબાએ તેમના સ્વપ્નમાં પ્રગટ થઈને આદેશ આપ્યો: “બેટા, તું મને સુરત લઈ જા.” માનો આદેશ શિરોમાન્ય ગણી, પ્રેમજી ભટ્ટે દિવ્ય પ્રતિમાને શ્રદ્ધાભેર ઊંટની પીઠ પર પધરાવી અને સમગ્ર પરિવાર સાથે અમદાવાદથી સુરત તરફ પગપાળા યાત્રા શરૂ કરી. તાપીનાં સામા કાંઠે પહોંચી, મોટા વહાણમાં ગાડાં ઉતારી તેઓ સુરતના ઐતિહાસિક ગુજરી ઓવારે આવી પહોંચ્યા.

પરંતુ, સુરતની ધરતી પર પગ મૂકતાં જ ભક્ત પ્રેમજી ભટ્ટની આકરી કસોટી શરૂ થઈ. તેમની વણઝાર જ્યારે જકાતનાકે પહોંચી ત્યારે દાણિયાઓએ કરવેરાની તપાસ માટે સામાન રોક્યો. શંકાના આધારે દાણિયાઓએ લાકડાની પેટી તોડીને જોયું, તો અંદરથી તેજના અંબાર સમી સાક્ષાત્ જગદંબાની દિવ્ય મૂર્તિ નીકળી! એક લઘરવઘર દેખાતા સામાન્ય માણસ પાસે આવી અણમોલ અને તેજસ્વી પ્રતિમા ક્યાંથી હોય–એવી ચોરીની ખોટી શંકા રાખી દાણિયાઓએ પ્રેમજી ભટ્ટની સાચી વાત માનવાને બદલે તેમને ધમકાવી કારાવાસમાં પૂરી દીધા. એટલું જ નહીં, એક દાણિયો એ દિવ્ય મૂર્તિ પોતાના ઘેર ઉપાડી ગયો.

નિર્દોષ પ્રેમજી ભટ્ટે જેલના અંધકાર વચ્ચે અશ્રુભીની આંખે માને પોકાર કર્યો: “હે મા, તારી આજ્ઞાથી જ હું સુરત આવ્યો છું, હવે તું જ રસ્તો બતાવ!” અને એ જ મધ્યરાત્રિએ ચમત્કાર થયો. પેલો દાણિયો જે મૂર્તિ ઘેર લઈ ગયો હતો, તેની માતા પદ્માવતી ખુદ મા અંબાની એકનિષ્ઠ ભક્ત હતી. તે જ રાત્રે મા અંબાજીએ ક્રોધિત અને પ્રભાવશાળી સ્વરૂપે પદ્માવતીના સ્વપ્નમાં દર્શન આપીને ચેતવણી આપી: “બેટી ઊઠ! તારા દીકરાએ મારા પરમ ભક્ત પાસેથી મૂર્તિ ઝૂંટવી તેને જેલમાં પૂર્યો છે અને મને તારા ઘરમાં કેદ કરી રાખી છે. હું મારી પોતાની મરજીથી સુરત આવી છું. સવારે સૂર્યોદય થતાં જ તેને સન્માનપૂર્વક જેલમાંથી મુક્ત કરી મારી મૂર્તિ પાછી સોંપજે, નહીં તો તમારો સર્વનાશ થશે અને પાછી આપશો તો તમારું કલ્યાણ થશે!”

સવારે થથરતા હાથે દાણિયાઓએ જેલના દરવાજા ખોલી પ્રેમજી ભટ્ટના ચરણોમાં પડી ક્ષમા માંગી. આખા નગરમાં આ વાત વાયુવેગે ફેલાઈ ગઈ. દાણિયાઓ અને નગરજનોએ વાજતે-ગાજતે માતાજીનું ભવ્ય સામૈયું કાઢ્યું અને ઘિયા ફળિયામાં લાકડાની સુંદર દેરી બનાવી મૂર્તિની પાવન સ્થાપના કરી. આ એ જ પવિત્ર ભૂમિ છે, જે આજે સમગ્ર સુરતની કુળદેવી સમી “અંબાજી માતા”ના મુખ્ય મંદિર તરીકે ઓળખાય છે.



> આ મંદિરની દિવ્યતા એટલી પ્રચંડ હતી કે ઐતિહાસિક લોકવાયકા મુજબ, છત્રપતિ શિવાજી મહારાજ જ્યારે સુરત આવ્યા, ત્યારે પણ તેઓ પણ અંબાજી મંદિરે શીશ ઝુકાવ્યા વિના પાછા નહોતા વળ્યા.

માતાજીની પ્રાણ-પ્રતિષ્ઠાને હજુ પાંચ જ વર્ષ થયાં હતાં ત્યાં સુરત પર કાળનો પંજો પડ્યો. ઈતિહાસમાં જે ‘સત્યાશીયો દુકાળ’ તરીકે નોંધાયો છે, એ ભયંકર દુષ્કાળે સમગ્ર સુરતને બાનમાં લીધું. વરસાદનું એક ટીપુય ન વરસતાં એવી કરુણ સ્થિતિ સર્જાઈ કે એક રોટલાના ટુકડા માટે લોકો ગુલામ બનવા લાગ્યા અને શેરી-ગલીઓમાં મુડદાં રઝળવા માંડ્યાં. સુરતીઓની આ હૃદયદ્રાવક વેદના જોઈ પરમ ભક્ત પ્રેમજી ભટ્ટનું હૃદય દ્રવી ઊઠ્યું. તેમણે આર્તનાદે મા અંબાને પોકાર કર્યો: “હે જગદંબા! તારા આશરે વસેલું આ શહેર ભૂખે મરે, એ તારાથી કેમ જોવાય?”

ભક્તની સાચી પોકાર સાંભળી માતાજીએ પ્રગટ થઈને માર્ગ ચીંધ્યો: “પ્રેમજી, તારા ઘરની અડીને આવેલા જર્જરિત મકાનમાં અનાજનો ભંડાર ભરેલો છે. એ કોઠારમાં જોયા વિના અનાજ વહેંચવાનું શરૂ કરી દે, દુકાળ શાંત ન થાય ત્યાં સુધી આ અનાજ ક્યારેય ખૂટશે નહીં!” માના અક્ષયપાત્ર સમા એ અદ્રશ્ય કોઠારમાંથી પ્રેમજી ભટ્ટે સમગ્ર સુરતવાસીઓને અન્નદાન કરી નવજીવન બક્ષ્યું. આ ચમત્કારિક રાહતકાર્ય પૂરું થતાં જ ભક્ત પ્રેમજી ભટ્ટનો જીવનદીપ પણ પ્રભુચરણે શાંત થઈ ગયો, પણ સુરતીઓના હૃદયમાં મા અંબા અવિચળ આસ્થા બની ગયાં.

આ મંદિરની દિવ્યતા એટલી પ્રચંડ હતી કે ઐતિહાસિક લોકવાયકા મુજબ, છત્રપતિ શિવાજી મહારાજ જ્યારે સુરત આવ્યા, ત્યારે પણ તેઓ પણ અંબાજી મંદિરે શીશ ઝુકાવ્યા વિના પાછા નહોતા વળ્યા.

સદીઓ વીતી ગઈ, પણ સુરતી લાલાઓ આજેય દ્રઢપણે માને છે કે શહેરની જાહોજલાલી પાછળ મા અંબાના આશીર્વાદ છે. સુરતનો જે જરી, કિનખાબ, હીરા અને મોતી-પન્નાનો વેપાર આજે દુનિયાભરમાં ડંકો વગાડી રહ્યો છે, તેના મૂળમાં આ નગર પર વરસેલી જગદંબાની અમીકૃપા છે. આસો નવરાત્રીના પાવન અવસરે અંબાજી રોડનું આ તીર્થધામ સુરતના ઈતિહાસ, સંકટમોચન શક્તિ અને સમૃદ્ધિની જીવતી જાગતી સાક્ષી પૂરે છે.